# Appendix -1

## પરિશિષ્ટ - ૧

( મેઘાણી દ્વારા સંપાદિત રાજા ભરથરીને લગતો અપ્રગટ રાસડો નીચે આપ્યો છે. પ્રસ્તુત રાસડો ભાવનગર ખાતે શ્રી મહેન્દ્રભાઇ મેઘાણી પાસેથી, એમના પિતાના ટાંચણોમાંથી પ્રાપ્ત થયો છે. )

તુમ ન કરના અભિમાના
એક દિન પવન સે ઊડ જાના
પવન સે ઊડ જાના
મટ્ટી પે તો મિલ જાના
ખોજ ન પાયો અપને દિલકી
તો કુંન ઘર હોગા ઠિકાના
તુમે નાહીં કરો અભિમાના
ચુન ચુન માટીકા મેલ બનાયે
દેખ મૂરખ મન ક્યા લુભાયા
ના ઘર તેરા હે ના ઘર હે મેરા
એ તો દુન્યાકા રેનબસેરા ન કર. એક દિન.

૧

ઉજેણી નગરીના રાજા બેસણા
ધારા નગરીના રાજા હરિ,
તેડાવો જોષી ને જોવરાવો ટીપણા
જોવારાવો બાળકના જોષ જી
કીયા રે નખતરમાં રાજા જાલમીઆ
ચાંદા પુનમની રાત હરિ—

૨

પોથી તો વાચીને પંડ્યા બોલીઆ
ભાગ્યમા માડેલા ભેખ હરિ
જલમના જોગી છે રાજા ભરથરી
લેખનવાલા જુગનાથ હરિ
નામ તો કેજો બે રાજા ભરથરી

૩

સોને તે મઢાવું મા'રાજ ટીપણા
રૂપલે જનોઇના ત્રાગ જી
ફરીને સંભળાવો મા'રાજ ટીપણા
આલું ઉજેણીના રાજ હરિ
ફરીને વાચોને મા'રાજ ટીપણા

૪

કાગદ હોવે તો મૈયા વાચીએં
કરમ વાચ્યો નવ જાય હરિ
માડયા રે છઠ્ઠીના લેખ મૈયા નહિ મટે
કુવા તો હોવેગા માડી અમે ત્રાગીએં
સમદર ત્રાગ્યા નવ જાય જી

૫

બાળું તો જોષીડા તેરા ટીપણા
તોડુંગી જનોયુંના ત્રાગ હરિ

સવારે ચડાવું બામણ શૂળીએ
અવળા જોયા તેં તો જોષ હરિ
મારો તો બાળક જલમ્યો રાજયા

૬

સાડા ત્રણ વાસાના બાળક બોલીઆ
મત દીઓ બ્રહ્માને માઇ દોષ હરિ
દોષ તો લગ ગિયા માઇ મેરા કરમના
ભાગ્યમાં માંડ્યા મારે લેખ હરિ
ભણ્યો રે ભૂલે પણ માંડયા નૈ મટે.

૭

બાર તો વ્રષના રાજા ભરથરી
ભણવા મેલ્યો છે નિશાળ હરિ
ભણ્યા તો ગણ્યા રે વેદ શારદા
પરણાવો પીંગળાવતી નાર હરિ
કોડે તો પરણાવું રાણી પીંગળા.

૮

નાળેર તો આવ્યા રે સીંગળદીપના
નાળેર મોતીડે વધાવો હરિ
ઘડીઆ લગ્ન તો લખાવજો
માતા મંગળ મોડાએ ગાય હરિ
કોડેથી પરણાવો રાણી પીંગળા

૯

બાવન તો જાદવ રાજાની જાનમાં
નવ તો ભેળા છે નાથ હરિ
ચોરાસી સધ્ધન રાજાની જાનમાં
ભેળા ગરૂ ગોરખનાથ હરિ
રાજા તો ચાલ્યો રે પ્રણવા પીંગલા.

૧૦

પેલા તો ચૌરીના મંગળ વરતીઆ
દાદે દીધેલા દાન હરિ
સાત રે કોઠા આલ્યા હેમના
આલ્યા મોતીના ભંડાર હરિ
ખાવ પીવો ને ધન વાવરો.

૧૧

બીજા તે ચૌરીના મંગળ વરતીઆ
કાકે દીધા છે દાન હરિ
હજાર હસ્તી દીધા દાનમાં
ઘોડાં નૈ સખને પાર હરિ
ખાવ રે પીવો ને ધન વાપરો.

૧૨

ત્રીજા તે ચૌરીના મંગળ વરતીઆ
મામે દીધા છે દાન હરિ
દાનમાં દીધા છે બાણું લખ માળવો
આલી ગેલુડી ગુજરાત હરિ
ખાવ ને પીવો મે રે ધન વાપરો.

૧૭

ભગવા કરીઆ રે સુંદર ધોતીઆ
અંગડે ભભૂતિ લગાવી હરિ
આલેક જગાવો રાણીના મોલમા
ચપટી ભખ્યા દેના મોરી માય હરિ
બાવો બની ગ્યા રાજા ભરથરી.

૧૮

ગાંડા રે રાજા ઘેલા શીદ બોલો
પરણીને મત કીઓ મુને માય હરિ
બાળા રે પણમા થાશે કોઢીઆ
મુખથી મ કીઓ પીંગલા માય હરિ
ભેખ રે ઉતારો રાજા ભરથરી.

૧૯

તમે રે જોગી બનુ હુ જોગણી
ચાલુ તમારે સાથ હરિ
ધૂણી પાણીની સેવા મે કરું
સેવા કરું સ્વામી નાથ જી
હારે લેતા જાઓ મુને ભરથરી.

૨૦

તમે રે આવો તો મૈયા ગુરુ લાજે
લાજે ભેખ ભગવાન હરિ

દુનિયા જાણે કે બાવો ઘરબારી
તમ આવે ભેખ લજાય હરિ
ભિક્ષા રે દ્યો ને મૈયા પીંગલા.

૨૧

ઘડીક હભુંબો રાજા શેરમાં
ભોજન કરીએ તૈયાર હરિ
રસોઇ જમતા જાવ રાજા ભરથરી
નહિ લાગે વાર લગાર હરિ
જમીને જાજો રે રાજા ભરથરી.

૨૨

તમેરા ભોજનકું માઇ ઢીલ ઘણી
જાય મારે જોગીની જમાત હરિ
ગુરુ તો મીલ્યા ગોરખનાથ જી
ગુરુએ જ્ઞાન બતાયો હરિ
ભિક્ષા રે દ્યો ને મૈયા પીંગલા.

૨૩

તમે મરજો તમેરા ગુરુ મરજો
અવળાં જ્ઞાન બતાવ્યાં હરિ
જીવતાં રંડાપો રાજા દઇ ચાલ્યા
કે પર માણું મે રાજ હરિ
ધારાના બાવદ જોગી બન ચાલ્યા.

૨૪

દો દો ગાલુ રાણી મેરા જીવને દેજો
મત દેના ગુરુને ગાળ જી
ગુરુને વચને રે મૈયા જોગી બન્યા
લાગ્યો ધૂણી સર મારો ધ્યાન જી
ભિક્ષા રે લો ને મૈયા પીંગલા.

૨૫

મઢડી બનાવું રંગમોલમાં
સેવા કરું સ્વામીનાથ હરિ
ઈસવર કરી તમને પૂજશું
લેશું રામના નામ હરિ
ભેખ રે ઉતારો રાજા ભરથરી.

૨૬

તમેરી મઢીમે માઇ આગ ધરી દે
ચપટી ભખ્યા દેના મોરી માય જી
ગુરુ ચેલા છેટા પડી જાવે

૨૭

સોનું જાણીને સંગ કર્યો
કમમાં નીવડયા કથીર હરિ
પંડ રે વટલાવી રાજ ખોયા
હારે સુકાણું શરીર હરિ

૨૮

જલમ જોગી તમને જાણતી નહિ
રેતી બાળકુંવારી હરિ
કોરી ગાગર બેડાં પૂજતી
કરતી માહેવજીના વ્રત હરિ
કુંવારી કન્યાને વર ઘણાં

૨૯

કીઆ રે વાસ્તે તપતી પીંગલા
શીદ તમે ઝૂરો પોરી માય જી
દૂઝે બાણું લખ માળવો
દૂઝે ગેલૂડી ગુજરાત હરિ
ખાવો પીવો ને ધન વાવરો
સંધર્યાં નહિ આવે સાથ હરિ
જેવાં રે હેશો એવાં પામશો.

૩૦

બાળી દે બાણું લખ માળવો
ગેલૂડીમાં મેલો આગ જી
નૈ રે છોરું ને નૈ મારે વાછરું
નૈ મારે બાળક ને બોલાસ જી
કોને રે આધારે અમે ઉજરીએં.

૩૧

કોના રે છોરૂ ને ~~કેના~~ કેનાં વાછરૂ
કોના માય ને બાપ હરિ
અંતકાળે રે જાવું એકલા
સાથે પુણ્ય ને પાપ હરિ
ધરમ ને પુન્ય દો મૈયા ! સંગ ચલે.

૩૨

માતાજી વળુંભો પગને પાધડે
બાની ધોડલાની વાધ હરિ
રાણી તો પીંગલા રે પલ્લા પાથરે
હાલ્યા ઉજેણીના રાજાજી
ભેખ રે ઉતારો રાજા ભરથરી.

—X—